## ગાંધીનગર મને ગમે છે...



૧૯૭૯માં સચિવાલયમાં મદદનીશ (હવે ડેપ્યુટી સેક્શન ઓફિસર) તરીકે પસંદગી પામ્યો ત્યારે ગાંધીનગર આવવાનું થયું. તરત તો સરકારી ક્વાર્ટર મળે નહિ એટલે મિત્રોએ સેક્ટર-૨૩, ૨૯, ૩૦માં ભાડાનાં ક્વાર્ટર્સ અપાવેલાં. ગેરકાયદે રહેવાનું એટલે પી.ડબલ્યુ.ડીની તપાસ આવે એટલે લબાચા ઊંચકી બીજે જવું પડે. એ વેળા હું અને ગીતા બેય જણાં લગ્ન કરી આવેલાં એટલે રાચરચીલું સાઈકલલારીમાં આવી જાય તેટલું !

એ વેળા ગાંધીનગરનું કેન્દ્ર હતું ઘ-૫. અમદાવાદથી આવતી બસોમાં ઘ-૫ ઉતરી જવાનું. ત્યાંથી કેડીઓમાં ચાલતા ક્વાર્ટર જવું પડે. ચોતરફ લીલાંછમ વૃક્ષો જ વૃક્ષો. વૃક્ષોનું નગર હતું એ વેળા ગાંધીનગર. પિક્ચર જોવા કે ખરીદી કરવા અમદાવાદ જવું પડે.

એકદોઢ વરસમાં તો નાયબ કલેક્ટર તરીકે પસંદગી થતાં ગાંધીનગર છોડવું પડ્યું. લખતર, થરાદ, ખેડા થઈને અમદાવાદમાં પુનઃ સ્થાયી થયો. ત્યાં ૧૯૯૦માં અધિક કલેક્ટરમાં પ્રમોશન મળ્યું એટલે ગાંધીનગર પુનઃ આવવાનું થયું. પરંતુ તે આવજા હતી.

વળી કલેક્ટર, અમરેલીથી ફરી ગાંધીનગરમાં આવવાનું થયું ત્યારે સેક્ટર-૧૯માં બંગલો મળ્યો. સરસ મજાની લોન, જાંબુ, આંબાનાં ઘટાદાર વૃક્ષો અને આંબાના મ્હોરથી મહેકતી હવા વચ્ચે શ્વાસ લેવાની મજા પડી ગઈ. વહેલી પરોઢથી નર કોયલનો ભૈરવી સાંભળવા મળે.

સંજોગોવશાત્, ફરી અમદાવાદ જવું પડ્યું. નિવૃત્તિને એકબે વર્ષ બાકી હતાં અને ૨૦૦૮માં ભાગ્યયોગે મને સેક્ટર-૧માં પ્લોટ મળ્યો. એટલે મકાન બાંધવું જ પડે. પરંતુ મને નિવૃત્તિ પછી ગાંધીનગર રહેવાની ઈચ્છા ઓછી હતી. કેમ કે ગાંધીનગરમાં પ્રકૃતિ મળે, પરંતુ પ્રવૃત્તિ ન મળે. ખાતમુહૂર્તની વિધિ ચાલતી હતી, ત્યાં ખોદેલા પાયાના કાંઠે ઊગેલી બોરડીની ટોચે બેઠેલું રૂપાળું પીળું શોબિગી પંખી ગાતું સાંભળ્યું અને મારો વિચાર બદલાઈ ગયો.

પ્રકૃતિપ્રેમી તો હું હતો જ, પરંતુ અમરેલીમાં પક્ષીવિદ્ ભાનુભાઈ અધ્વર્યુની સંગતિથી પંખીપ્રેમી પણ થયો હતો એટલે હું શોબિગીના પ્રેમમાં પડી ગયો. આખરે બંગલો બની ગયો અને હું ગાંધીનગરનિવાસી થઈ ગયો. ફક્ત સોમવારે પ્રવૃત્તિ અર્થે અમદાવાદ, બાકી ગાંધીનગરમાં પ્રકૃતિ વચ્ચે લેખન-વાંચન !

ગાંધીનગર ખરેખર પંખીનગર છે. અહીં શોબિગી, પીળક, ખેરખટ્ટો, કાળિયો, કોશી, નાચણ, ધોયરો, હરિયલ, અધરંગ, ટપુસિયું, બબુના, ચિલોત્રો જેવાં દુર્લભ પંખીઓ ઉપરાંત કોયલ, પપિહા, બુલબુલ, દરજીડા અને મોર તો ખરા જ. સેક્ટર-૧ના તળાવ ગાર્ડનમાં છેક લડાખથી બ્રાહ્મણી બતક (પંખીઓમાં પણ નાતજાત!) આવે છે.ગાંધીનગરમાં પહેલાં તો વડ, આંબા, પીપળા, કેસૂડા, મહુડા, જાંબુડા, લીમડા, બાવળ વગેરે દેશી વૃક્ષો પુષ્કળ હતાં. ધીરે ધીરે જાતભાતનાં વિદેશી અનામી વૃક્ષો પણ અન્ય લોકોની જેમ નિવાસી થઈ ગયાં છે. આંબો મહેક પ્રસરાવે તો ગરમાળો, કેસૂડો, ગુલમહોર રંગોની છોળો ઉછાળે છે.

એ ઉપરાંત પીળાં, કેસરી, જાંબલી ફૂલોથી લદાઈ જતાં કેટલાંય અનામી વિદેશી વૃક્ષો ગાંધીનગરને રંગીન શહેર બનાવી દે છે.

હવે તો ગાંધીનગરમાં થિયેટર, મૉલ, રેસ્ટોરાં, ફાઈવ સ્ટાર હોટલ વગેરે પુષ્કળ પ્રમાણમાં છે. ગુજરાતી, કાઠિયાવાડી, ચાઈનીઝ, ઈટાલીયન, મેક્સિકન વાનગીઓ ગાંધીનગરમાં મળે છે. આમિષાહારીઓ માટે

અનુસંધાન પાના નંબર ૭ પર

# વિધાનસભા કુચ કરવા જતા નેતાઓ અને આગેવાનો સહિત ૧૦૦ની અટકાયત









ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર શહેરની સત્યાગ્રહ છાવણી ખાતે આજે આદિવાસી સંમેલન યોજાયું હતું. આ સંમેલનમાં અંબાજી થી ઉમરગામ સુધીના આદિવાસી સમાજના ભાઈ બહેનો મોટીસંખ્યામાં આવી પહોંચ્યા હતા. છાવણી ખાતે પોલીસ દ્વારા લોખંડી પહેરો ગોઠવી દેવાયો હતો. તાપી-નર્મદા રીવર લીંક પ્રોજેકટના વિરોધમાં લકઝરી બસ અને ખાનગી વાહનમાં હજ્જારો આંદોલનકારીઓ છાવણી ખાતે ઉમટી પડ્યા હતા. કોંગ્રેસના આગેવાનોની હાજરીમાં આદિવાસી સમાજના ભાઈ બહેનો એ વિરોધ પ્રદર્શન કરી વિધાનસભા તરફ કુચ કરવા જતા પોલીસ અને પ્રદર્શનકારીઓ વચ્ચે ઘર્ષણ સર્જાયું હતું. જયારે પોલીસે જગદીશ ઠાકોર, છોટુ વસાવા, અનંત પટેલ, સુખરામ રાઠવા, કોંગ્રેસ અને આદિવાસી સમાજના નેતાઓ સહિત ૧૦૦ જેટલા વ્યકિતની અટકાયત કરી છે. જયારે રેલીની મંજુરી ન હતી, તેમ છતા વિધાનસભા કુચ કરવા માટે આંદોલનકારીઓએ પ્રસ્થાન કરતા પોલીસે અટકાયત કરી હતી. દક્ષિણ ગુજરાતમાં કેન્દ્ર સરકાર દ્વારા પાર તાપી-નર્મદા રીવર લીંક પ્રોજેકટનો આદિવાસી સમાજ દ્વારા વિરોધ કરવામાં આવી રહ્યો છે.

કોંગ્રેસના નેજા હેઠળ એકત્ર થયેલા આદીવાસી ભાઈ બહેનોએ નેતાના ભાષણ બાદ વિધાનસભા કુચ કરવા માટે શરુઆત કરતા પોલીસે અટકાયત કરી હતી. જયારે આ આદિવાસી સંમેલનમાં ૧૪ જિલ્લાના આગેવાન હાજર રહ્યા હતા. ત્યારે આદિવાસી સંમેલનને પગલે સવારથી જ પોલીસે શહેરના માર્ગો તેમજ પ્રવેશદ્વાર સહિત છાવણી ખાતે લોખંડી પહેરો ગોઠવી દીધો હતો. જયારે છાવણી ખાતે રેન્જ આઈજી અભય ચુડાસમા અને જિલ્લા પોલીસ વડા મયુર ચાવડા પણ હાજર રહ્યા હતા.

## પ્રદર્શનકારીઓની વચ્ચેથી પોકેટમાર ઝડપાયો



આજે સત્યાગ્રહ છાવણી ખાતે સંમેલન બાદ પ્રદર્શનકારીઓએ વિધાનસભા તરફ કુચ કરી હતી. તે સમયે કોંગ્રેસ અને આદિવાસી સમાજના નેતાઓ અને આગેવાનો સહિત મોટીસંખ્યામાં પ્રદર્શનકારીઓ હતા.તે સમયે પોલીસ તંત્ર દ્વારા પ્રદર્શનકારીઓની અટકાયત સમયે ઘર્ષણ સર્જાતા ભીડભાડ સમયે કોઈ વ્યકિતનું પોકેટ ચોરતો શખ્સ પકડાયો હોવાનું જાણવા મળ્યું હતું.

## છાવણી ખાતે પોલીસ તંત્ર દ્વારા પાણીની વ્યવસ્થા કરાઈ



તાપી-નર્મદા લીંક પ્રોજેકટના વિરોધ પ્રદર્શન માટે સવારથી છાવણી ખાતે આદિવાસી સમાજના ભાઈ બહેનો મોટીસંખ્યામાં આવી પહોચ્યા હતા.ત્યારે અંગ દઝાડતી ગરમીમાં આદિવાસી સમાજ માટે માનવતા દાખવી પોલીસ તંત્ર દ્વારા તાત્કાલીક કાઉન્ટર ઉભુ કરી મીનરલ પાણીની બોટલની વ્યવસ્થા કરવામાં આવી હતી. ત્યારે પ્રદર્શનકારી નાગરીકોએ પણ પોલીસની માનવતાની કામગીરી નોંધ લીધી હતી.



## ઈન્ડીયન બેંક દ્વારા સિવિલને એમ્બ્યુલન્સની ભેટ

ગાંધીનગર સિવિલને એમ્બ્યુલન્સ ઈન્ડીયન બેંક દ્વારા ભેટ આપવામાં આવી છે.ત્યારે આ પ્રસંગે બેંકના ઉચ્ચ અધિકારીઓ અને સિવિલ ઉચ્ચ અધિકારીઓ હાજર રહ્યા હતા.

# ડેમના વિરોધમાં આદિવાસી સમાજથી છાવણી ઉભરાઈ





ગાંધીનગર, તા.૨૫

કેન્દ્ર સરકાર દ્વારા સુચિત પાર તાપી-નર્મદા રીવર લિંગ પ્રોજેકટનો સ્થાનિક આદીવાસી સમાજના ભાઈ બહેનો દ્વારા પુરજોશમાં વિરોધ ચાલી રહ્યો છે. ત્યારે આ વિરોધ વાવાઝોડુ બની રહ્યું હોય તેમ લાગી રહ્યું છે. આજે પાટનગરની સત્યાગ્રહ છાવણી આદિવાસી ભાઈ બહેનોથી ઉભરાઈ હતી. આદીવાસી સમાજના પડતર પ્રશ્નો અને સમસ્યાઓને લઈ કોંગ્રેસ દ્વારા પાટનગરની છાવણી ખાતે આદીવાસસી સંમેલનનું આયોજન કર્યું હતું. આ સંમેલનમાં રાજયના ૧૪ જિલ્લાના આગેવાનો અને હોદેદારો ઉપસ્થિત રહ્યા હતા. જયારે વિધાનસભા અને આદિવાસી સંમેલનને પગલે શહેરમાં પોલીસનો લોખંડી બંદોબસ્ત ગોઠવી દેવાયો હતો.

**આદિવાસી દિગ્ગજ નેતા છોટુ વસાવા કહ્યું હતું કે સાડા સાત દાયકાથી વધુ સમય થઈ ગયો હોવા છતા આદિવાસીઓની હાલત પહેલા જેવી જ છે**

રાજયના આદિવાસી સમાજના નાગરીકોની જમીન સરકારે વિવિધ પ્રોજેકટ હેઠળ લઈને તેમને વળતર આપવામાં પણ તંત્ર પાછી પાની કરે છે. ત્યારે આદિવાસી સમાજને ન્યાય મળી રહે તે માટે કોંગ્રેસ દ્વારા સંમેલન યોજવામાં આવ્યું હતું. આદિવાસીઓને જંગલમાંથી દુર ખસેડવાનું કામ સરકાર દ્વારા કરવામાં આવી રહ્યું છે. જયારે આદીવાસી નાગરીકો માટે દવાખાનાની સુવિધા નહી પણ દુવિધા છે. જયારે સરકાર વિવિધ પ્રોજેકટ હેઠળ જમીન પચાવી પાડવાનું કામ કરી જંગલમાંથી આદિવાસી સમાજને દુર કરવાનું કામ કરી રહી છે.આ પ્રસંગે સંમેલનમાં ઉપસ્થિત આદિવાસી દિગ્ગજ નેતા છોટુ વસાવા કહ્યું હતુ કે સાડા સાત દાયકાથી વધુ સમય થઈ ગયો હોવા છતા આદિવાસીઓની હાલત પહેલા જેવી જ છે. આદિવાસી સમાજનો વિકાસ થયો નથી. આજે આદિવાસી એકઠા થયા છે તે અસ્તિત્વની લડાઈ માટે એકઠા થયા છે. જયારે સંગ્રામસિંહ રાઠવાએ જણાવ્યું હતુ કે આદિવાસીઓને પાણી અને વિજળી મોંઘી પડે છે. આદિવાસી સમાજ વર્ષોથી પોતાના માટે લડાઈ લડતો આવ્યો છે. હાલ સમાજની ખુબ જ ખરાબ હાલત છે ન્યાય મળતો નથી. ત્યારે સરકાર ઉદ્યોગપતિઓના દેવા માફ કરી દે છે પરંતુ યુવાનોને રોજગારી કે નોકરી આપતી નથી.

## ભારતમાતા મંદિર, સે.૭ ખાતે રવિવારે શહીદોને શ્રદ્ધાંજલિ અર્પતો કસુંબલ ડાયરો યોજાશે

ગાંધીનગર, તા. ૨૫

ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી ગાંધીનગરના આર્થિક સહયોગથી આઝાદીના અમૃત મહોત્સવ નિમિત્તે શહીદોને શ્રદ્ધાંજલિ-વીરાંજલી અર્પવા દેશદાઝથી ભરપુર દેશ ભક્તિ ગીતો-શૌર્યગીતોનાં કસુંબલ ડાયરા-એક શામ શહીદો કે નામનું તા. ૨૭-૩-૨૨ રવિવારના રોજ રાત્રે ૮.૩૦ કલાકે ભારત માતા મંદિર સેક્ટર-૭-એ ગાંધીનગર ખાતે આયોજન કરવામાં આવેલ છે.

આ કાર્યક્રમમાં જાણીતા લોકગાયક ભરત ઠાકોર તથા રેડીયો અને ટીવીના જાણીતા આંતરરાષ્ટ્રીય કલાકાર સુરેશ રત્નોત્તર, જાણીતા લોકગાયિકાઓ રેખાબેન પંચાલ તથા હીનાબેન ઠાકોર શહીદોને શ્રદ્ધાંજલિ અર્પણ કરશે અને સંગીતના સૂરો રેલાવશે. જિજ્ઞેશ પંચાલ, સમીર પટેલ, ભલાભાઈ સોલંકી, અલ્કેશ પરમાર સમગ્ર કાર્યક્રમનું સંચાલન જાણીતા લોકસાહિત્યકાર અમૃતલાલ જોશી કરશે.

કાર્યક્રમમાં સરકારની કોવિડ-૧૯ની ગાઈડલાઈનનું સંપૂર્ણપણે પાલન કરવામાં આવશે. આ કસુંબલ ડાયરાનો કાર્યક્રમ માણવા શહીદોને શ્રદ્ધાંજલિ-વીરાંજલિ અર્પવા સર્વે સંગીતપ્રમીઓને ભાવભીનું આમંત્રણ પાઠવ્યું છે.



ગાંધીનગરના રાજપૂત સમાજ વકીલ મંડળનો સ્નેહ મિલન અને સન્માન સમારંભ તારીખ તા.૨૪મી માર્ચ, ગુરુવારના રોજ શહેરના સેક્ટર-૧૨માં રાજપૂત સમાજ ભવન ખાતે યોજાયો હતો. આ સમારંભમાં બાર કાઉન્સિલના વાઈસ ચેરમેન કરણસિંહ વાઘેલા અને શંકરસિંહ ગોહિલનું સન્માન કરવામાં આવ્યું હતું.

## સાબરકાંઠા એલસીબીના પીએસઆઈએ સામાન્ય બાબતે કોન્સ્ટેબલને તમાચો માર્યો

ગાંધીનગર,તા.૨૫

ગાંધીનગર વિધાનસભા ખાતે બંદોબસ્તમાં આવેલા સાબરકાંઠા એલસીબી પીએસઆઈ બીલાલ મુરીયાએ ઈન્ફોસીટી પોલીસ મથકના ડી સ્ટાફના જમાદારને લાફો ઝીંકી દેતા ચકચાર મચી જવા પામી છે. પીએસઆઈએ પાણીની બોટલ લાવી આપવા મુદ્દે જમાદાર પર હાથ ઉગામતા પોલીસબેડામાં પણ હડકંપ મચી ગઈ છે. ત્યારે લાફા પ્રકરણ ઉચ્ચ અધિકારીઓ સુધી પહોંચ્યું છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર ખાતે આદિવાસી સંમેલન અને વિધાનસભાનું સત્ર ચાલતુ હોવાથી પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવાયેલ છે. જેથી વિધાનસભા બંદોબસ્તમાં સાબરકાંઠા એલસીબી પીએસઆઈ બિલાલ મુરીમા પણ ફરજ બજાવી રહ્યા હતા. તેમનો પોઈન્ટ સેન્ટ્રલ વિસ્ટા ગાર્ડન પાસે હતો. આ સમયે ઈન્ફોસીટી પોલીસ મથકના ડી સ્ટાફના જમાદાર દિનેશભાઈ અગત્યનો ફોન હોવાથી વાતચીત કરી રહ્યા હતા. તે સમયે પીએસઆઈએ ઈશારો કરીને જમાદારને બોલાવ્યા હતા.પરંતુ વાત ચાલતી હોવાથી પીએસઆઈ તરફ ધ્યાન ગયું ન હતું. બાદમાં ફોન પુર્ણ કરીને જમાદાર પીએસઆઈ પાસે ગયા હતા. પાણી બોટલ લઈ આવા બુમ પાડી હોવાનું કહ્યું હતું. જેથી જમાદારે ફોન ચાલી રહ્યો હોવાની વાત કરીને પાણી પીવુ હોય તો લઈ આવુ તેમ કહ્યું હતું. જેને પગલે પીએસઆઈ એકદમ ઉશ્કેરાઈ જતા જમાદારને તમાચો ઝીંકી દેતા હાજર સૌ પોલીસ કર્મચારીઓ પણ સ્તબ્ધ થઈ ગયા હતા.લાફા પ્રકરણ વાયુ વેગે પોલીસ બેડામાં પ્રસરતા ઉચ્ચ અધિકારીઓ પણ દોડી ગયા હતા.

## ગાંધીનગર સ્પોર્ટ્સ ક્લબની ટીમનો એસપીસીટી અંડર-૧૪ ક્રિકેટ ટુર્નામેન્ટમાં ભવ્ય વિજય

સ્પોર્ટ્સ પ્રમોટર્સ ચેરિટેબલ ટ્રસ્ટના ઉપક્રમે યોજાયેલી એસપીસીટી અંડર-૧૪ ક્રિકેટ ટુર્નામેન્ટમાં ગાંધીનગર સ્પોર્ટ્સ ક્લાબની જીસીએ-એ ટીમે એસપીઆઈએસની ટીમ સામે ૨૨૭ રને ભવ્ય વિજય હાંસલ કર્યો હતો. વિજેતા જીસીએ-એ ટીમના ધ્યાન પ્રજાપતિએ ૧૧૩ બોલમાં ૨૦ ચોગ્ગા અને ૩ છગ્ગા સાથે ૧૬૭ રન સાથે સેન્ચુરી ફટકારી હતી જેની મદદથી જીસીએ-એ ટીમે ૫૦ ઓવરમાં ૯ વિકેટે ૪૬૧ રન ખડક્યાં હતા જેમાં હરપાલસિંહ ગોહિલના ૬૪ અને રણબીર ચુડાસમાના ૩૯ રનનો પણ ફાળો હતો. જીસીએ-એના જવાબમાં એસ કે આઈએસની ટીમ માત્ર બે સો ચોત્રીસ રનમાં સમેટાઈ ગઈ હતી. જીસીએ-એ વતી દેવ દેસાઈ, શુભમ યાદવ અને સંતોષ ભંડારીએ બે બે વિકેટ ઝડપી હતી.

## યુકેની લંડન પોલિસિંગ કોલેજ સાથે નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિ.ના વર્ચ્યુઅલ એમઓયુ

ગાંધીનગર, તા. ૨૫

નેશનલ ફોરેન્સિક સાયન્સિસ




યુનિવર્સિટી ગાંધીનગર ખાતેની અને યુકેની લંડન પોલિસિંગ કોલેજ વચ્ચે આજે વર્ચ્યુઅલ સમજૂતી કરાર થયા હતા. આ વર્ચ્યુઅલ સમજૂતી કરાર પ્રસંગે નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટીના કુલપતિ ડૉ. જે.એમ. વ્યાસ અને લંડન પોલિસિંગ કોલેજના પ્રેસિડેન્ટ રોડ જાર્મન ઉપસ્થિત રહ્યા હતા. આ શૈક્ષણિક સહયોગ બંને સંસ્થાઓને પરસ્પર હિતના ક્ષેત્રોમાં કામ કરવાની સમાન તક પુરી પાડશે. આ સાથે એલપીસીના એસોસિએટ સુતિન્દરજીત માહિલ આ સમજૂતી કરાર માટે એનએફએસયુ ખાતે ઉપસ્થિત રહ્યાં હતા

આ પ્રસંગે ડૉ. જે.એમ. વ્યાસે આ સમજૂતી કરાર અંગે જણાવ્યુ હતુ કે આ કરાર અંતર્ગત શિક્ષણ અને સંશોધન કૌશલ્યોના વિકાસ-સંવર્ધન માટે બંને સંસ્થાઓ સાથે મળીને કાર્ય કરશે. સાથોસાથ ફેકલ્ટી એક્સચેન્જ પણ કરવામાં આવશે. બંને સંસ્થાઓ સંયુક્ત રીતે પરિસાવંદ, સંગોષ્ઠિ, કાર્યશાળા સહિતના કાર્યક્રમોનું આયોજન કરશે તેમજ સંશોધન અને કન્સલ્ટન્સી સેવાઓ પણ અપાશે. આ કરાર હેઠળ, નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી દ્વારા ફોરેન્સિક સાયન્સ, સંયુક્ત સંશોધન પ્રવૃત્તિઓ, સંયુક્ત ડિગ્રી અને ટૂંકાગાળાના પ્રમાણપત્ર અભ્યાસક્રમોના ક્ષેત્રોમાં સહાય થશે. સાથે જ લંડન પોલિસિંગ કોલેજને ફોરેન્સિક સાયન્સ ક્ષેત્રે ક્ષમતા નિર્માણ તથા સ્માર્ટ પોલિસિંગને મજબૂત બનાવવામાં સહાયક થશે.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ

ટચૂકડી જાહેર ખબર
દર ગુરૂવારે અને રવિવારે

ગાંધીનગર સમાચાર

ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧